સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 29

[JULY - 2020]
[12/07/20 to 18/07/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

# MIRACLES

EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 6

01 TO 15 JULY - 2020

ICE®

Click Here To DOWNLOAD

## CURRENT TOPICS

- WHOના રિપોર્ટ અનુસાર પ્રતિ 10 લાખની વસતીએ સમગ્ર વિશ્વમાં COVID-19ના સૌથી ઓછા કેસ ભારતમાં નોંધાયા
- ભારતમાં વાઘની વસતી ગણતરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન
- ગુજરાતના પ્રસિદ્ધ પત્રકાર, લેખક શ્રી નગીનદાસ સંઘવીનું નિધન
- સતત બીજા વર્ષે અમેરિકા ભારતનો સૌથી મોટો વ્યાપારિક ભાગીદાર દેશ બન્યો
- ભારત અને ભૂટાન વચ્ચે નવા 'જયગાંવ-પસાખા વ્યાપાર માર્ગ'નો પ્રારંભ
- ભારતના ચૂંટણી કમિશનર શ્રી અશોક લવાસાની એશિયન ડેવલપમેન્ટ બેન્કના ઉપાધ્યક્ષ પદે નિમણૂક

www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

12 JULY, 2020 SUNDAY

## ➤ ભારતમાં જાહેર ક્ષેત્રની ત્રણ વીમા કંપનીઓ માટે રૂ. 12,450 કરોડની સહાયની મંજૂરી

જુલાઈ 2020 દરમિયાન ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતની જાહેર ક્ષેત્રની ત્રણ સામાન્ય વીમા કંપનીઓની સહાયતા માટે રૂ. 12,450 કરોડની મંજૂરી આપવામાં આવી છે.

- ભારતની જાહેર ક્ષેત્રની આ ત્રણ વીમા કંપનીઓમાં –
  (1) **ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ**
  **(Oriental Insurance Company Limited -OICL) અને**
  (2) **નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ**
  **(National Insurance Company Limited-NICL)**
  (3) **યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ**
  **(United India Insurance Company Limited-UIICL)**
  નો સમાવેશ થાય છે.
- આ ત્રણ વીમા કંપનીઓને કુલ રૂ. 12,450 કરોડમાંથી આ અગાઉ વર્ષ 2019-20માં રૂ. 2500 કરોડની મદદ કરવામાં આવી હતી.
- હવે તેમને માટે તાત્કાલિક રૂ. 3,475 કરોડ રૂપિયાની મદદ કરવામાં આવશે.
- જ્યારે બાકી રૂ. 6,475 કરોડ બાદમાં આપવામાં આવશે.
- આ ત્રણ વીમા કંપનીઓને ઉપરોક્ત સહાય કરી શકાય તે માટે NICL ને રૂ. 7500 કરોડ સુધીની અને OICL તથા UIICLને રૂ. 5000 કરોડ સુધી શેર મૂડીમાં વધારો કરવાની મંજૂરી આપવામાં આવી છે.

### ત્રણ વીમા કંપનીઓના વિલયની પ્રક્રિયા મોકૂફ

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા આ અગાઉ ભારતની જાહેર ક્ષેત્રની ત્રણ વીમા કંપનીઓ NICL, OICL અને UIICLના વિલય (મર્જર)ની યોજના બનાવવામાં આવી હતી.

- જોકે, COVID-19ની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિલયની આ પ્રક્રિયા હાલ મોકૂફ રાખવામાં આવી છે.
- અને હવે આ કંપનીઓના લાભદાયક વિકાસ પર ધ્યાન આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતમાં શહેરી પ્રવાસી શ્રમિકો તથા શહેરી ગરીબો માટે રાહત દરના ભાડાના મકાનો વિકસાવવા મંજૂરી

જુલાઈ, 2020 દરમિયાન ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં શહેરી પ્રવાસી શ્રીમકો તથા શહેરી ગરીબો માટે **રાહત દરના ભાડાના આવાસ પરિસરો (હાઉસ બિલ્ડિંગો)** વિકસાવવાની મંજૂરી આપવામાં આવી છે.

- ભારતમાં **'પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી' (Pradhan Mantri Awas Yojna-Urban) (PMAY-U)** અંતર્ગત તેની **પેટા યોજના તરીકે** ગરીબોને પરવડે તેવા સસ્તા દરના ભાડાના મકાન ઉપલબ્ધ કરાવવા **આવાસ પરિસરો વિકસાવવા**ની મંજૂરી આપવામાં આવી છે.
- આ અંતર્ગત –

  (1) સરકારી ખર્ચે બનેલા અને વર્તમાન સમયે ખાલી પડેલા આવાસ પરિસરોને **25 વર્ષ** માટે **'સસ્તા ભાડાના આવાસ પરિસરો**માં **(Affordable Rental Housing Complexes-ARHCમાં)** પરિવર્તિત કરવામાં આવશે.

  (2) પોતાની ખાલી જમીનો પર **25 વર્ષો** માટે **ARHCs** વિકસાવવા માટે જાહેર તથા ખાનગી એકમોને પ્રોત્સાહન આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત પ્રારંભિક તબક્કામાં **3 લાખ** લાભાર્થીઓને લાભ આપવામાં આવશે.
- આ માટે આશરે **રૂ. 600 કરોડ**નો ખર્ચ થવાનો અંદાજ છે.
- આ યોજનાના લાભાર્થીઓમાં ભારતના વિવિધ સેકટરના ઉદ્યોગોમાં કામ કરતા કારીગરો, શ્રમિકો તથા વિદ્યાર્થીઓનો સમાવેશ થશે કે જેઓ ભારતના ગ્રામીણ વિસ્તાર તથા નાના શહેરોમાંથી બહેતર ભવિષ્યની શોધમાં શહેરમાં આવ્યા હોય.

**નોંધ :** આ યોજના અંતર્ગત ભારતમાં કાર્ય સ્થળની નજીકમાં જ નવા આવાસ પરિસરો વિકસાવવામાં આવશે જેનાથી શ્રમિકોના પરિવહન ખર્ચ તથા સમયમાં બચત થશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ WHOના રિપોર્ટ અનુસાર પ્રતિ 10 લાખની વસતીએ સમગ્ર વિશ્વમાં COVID-19ના સૌથી ઓછા કેસ ભારતમાં નોંધાયા

જુલાઈ 2020 દરમિયાન વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર પ્રતિ 10 લાખની વસતીએ સમગ્ર વિશ્વમાં COVID-19ના સૌથી ઓછા કેસ ભારતમાં નોંધાયા છે.
- પ્રતિ 10 લાખની વસતીએ ભારતમાં COVID-19ના 505.37 કેસ નોંધાયા છે.
- જ્યારે તેની વૈશ્વિક એવરેજ 1453.25 કેસોની છે.
- ચિલીમાં પ્રતિ 10 લાખની વસતીએ કોરોનાના 15,459.80 કેસ નોંધાયા છે.

### પ્રતિ 10 લાખની વસતીએ કોરોનાના કેસ

| દેશ | કેસ |
|---|---|
| ભારત | 505.37 |
| મેક્સિકો | 1955.80 |
| ઈટલી | 3996.10 |
| બ્રિટન | 4204.40 |
| અમેરિકા | 8560.50 |
| ચિલી | 15,459.80 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પ્રતિ 10 લાખની વસતીએ COVID-19થી સૌથી ઓછા મૃત્યુ ભારતમાં

WHO દ્વારા પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટ અનુસાર પ્રતિ 10 લાખની વસતીએ COVID-19ને કારણે સમગ્ર વિશ્વમાં સૌથી ઓછા મૃત્યુ પણ ભારતમાં જ થયા છે.

- પ્રતિ 10 લાખની વસતીએ ભારતમાં COVID-19ને કારણે થયેલા મૃત્યુની સંખ્યા 14.27 છે.
- જ્યારે તેની વૈશ્વિક એવરેજ ભારતના ચાર ગણાથી પણ વધારે 68.29 છે.
- બ્રિટનમાં કોરોનાથી મૃત્યુની સંખ્યા 651.40 છે.

**નોંધ :** WHO દ્વારા પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટ અનુસાર વિશ્વના અન્ય દેશોની તુલનાએ COVID-19નો સામનો કરવામાં ભારત વધારે સફળ રહ્યું છે.

## ICE ? Questions

1. જુલાઈ 2020 દરમિયાન ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ભારતની જાહેર ક્ષેત્રની ત્રણ વીમા કંપનીઓ માટે કુલ કેટલા રૂપિયાની સહાયની મંજૂરી આપવામાં આવી છે ?
   (A) 10,450 કરોડ (B) 12,450 કરોડ
   (C) 14,450 કરોડ (D) 16,450 કરોડ **(B)**

2. ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ભારતની જાહેર ક્ષેત્રની ત્રણ વીમા કંપનીઓ માટે કુલ રૂ. 12,450 કરોડની સહાયની મંજૂરી આપવામાં આવી છે... ભારતની આ ત્રણ વીમા કંપનીઓમાં નીચેનામાંથી કઈ કંપનીનો સમાવેશ થતો નથી ?
   (A) નેશનલ યુનિયન ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ
   (B) ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ
   (C) નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ
   (D) યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ **(A)**

3. ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ભારતની જાહેર ક્ષેત્રની ત્રણ વીમા કંપનીઓના મર્જર (વિલય)ની પ્રક્રિયા મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે....આ ત્રણ વીમા કંપનીઓમાં નીચેનામાંથી કઈ કંપનીનો સમાવેશ થતો નથી ?
   (A) OICL (B) NICL (C) UIICL (D) UNICL **(D)**

4. ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ભારત સરકારની કઈ યોજના અંતર્ગત શહેરી પ્રવાસી શ્રમિકો તથા શહેરી ગરીબો માટે રાહત દરના ભાડાના મકાનો વિકસાવવાની મંજૂરી આપવામાં આવી છે ?
   (A) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (B) પ્રધાનમંત્રી ગરીબ આવાસ યોજના
   (C) પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી (D) પ્રધાનમંત્રી રાહત આવાસ યોજના **(C)**

5. ભારતમાં શહેરી પ્રવાસી શ્રમિકો તથા શહેરી ગરીબો માટે રાહત દરના ભાડાના મકાનો ઉપલબ્ધ કરાવવા સરકારી ભંડોળથી બનેલા અને હાલના સમયે ખાલી પડેલા આવાસ પરિસરોને કેટલા વર્ષ માટે 'સસ્તા ભાડાના આવાસ પરિસરો' (ARHCs)માં પરિવર્તિત કરવામાં આવશે ?
   (A) 15 (B) 20 (C) 25 (D) 35 **(C)**

6. જુલાઈ 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા WHOના રિપોર્ટ અનુસાર પ્રતિ 10 લાખની વસતીએ COVID-19ના સૌથી ઓછા કેસ કયા દેશમાં છે ?
   (A) ભારત (B) જાપાન (C) ફ્રાન્સ (D) સ્પેન **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. જુલાઈ 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા WHOના રિપોર્ટ અનુસાર પ્રતિ 10 લાખની વસતીએ COVID-19થી સૌથી ઓછા મૃત્યુ કયા દેશમાં થયા છે ?
(A) ચિલી (B) બ્રિટન (C) મેક્સિકો (D) ભારત **(D)**

8. જુલાઈ 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા WHOના રિપોર્ટ અનુસાર પ્રતિ 10 લાખની વસતીએ COVID-19થી સૌથી વધુ મૃત્યુ કયા દેશમાં થયા છે ?
(A) ચિલી (B) બ્રિટન (C) ઈટલી (D) સ્પેન **(B)**

9. જુલાઈ 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા WHOના રિપોર્ટ અનુસાર પ્રતિ 10 લાખની વસતીએ COVID-19ના સૌથી વધુ કેસ કયા દેશમાં છે ?
(A) ચિલી (B) બ્રિટન (C) ઈટલી (D) સ્પેન **(A)**

**13 JULY, 2020 MONDAY**

## ➤ ભારતમાં વૃક્ષારોપણ માટે 'સંકલ્પ પર્વ'ની ઉજવણી

ભારતમાં કેન્દ્ર સરકારના **સંસ્કૃતિ મંત્રાલય** દ્વારા **28 જૂનથી 12 જુલાઈ 2020** દરમિયાન **'સંસ્કૃતિ પર્વ'**ની ઉજવણી કરવામાં આવી હતી.

- ભારતમાં **વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા માટે** વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની પ્રેરણાથી આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.
- આ પહેલ અંતર્ગત પોતાની ઓફિસની આસપાસ અથવા તો જયાં શકય હોય ત્યાં ઓછામાં ઓછા **પાંચ વૃક્ષ** વાવવાની અને તેનો ઉછેર કરવાનો સંકલ્પ લેવાનો તેમણે અનુરોધ કર્યો હતો.
- આથી, આ 'સંકલ્પ પર્વ' દરમિયાન ભારતના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા તેની અન્ય ઓફિસો, એકેડેમીઓ, આનુષંગિક તથા સંલગ્ન સંસ્થાઓ ઉપરાંત જયાં શકય હોય ત્યાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અને તેને ઉછેરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

**નોંધ :** (1) 'સંકલ્પ પર્વ' દરમિયાન ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નીચેના પાંચ વૃક્ષોને પ્રાધાન્ય આપવા જણાવ્યું હતું :

(i) વડ
(ii) આમળા
(iii) પીપળો
(iv) આસોપાલવ અને
(v) બિલિપત્ર



(2) આ પાંચ વૃક્ષો ભારતના આધ્યાત્મિક તથા હર્બલ વારસાનું પ્રતિનિધિત્વ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ અમેરિકાએ તમામ 22 અપાચે AH-64E હેલિકોપ્ટર ભારતને સોંપ્યા

<u>સપ્ટેમ્બર, 2015</u> દરમિયાન <u>ભારતે</u> <u>અમેરિકા</u> પાસેથી <u>22 અપાચે હેલિકોપ્ટર</u> ખરીદવા માટે એક સોદા પર હસ્તાક્ષર કર્યા હતા.

- આ અંતર્ગત જુલાઈ, 2019 દરમિયાન પ્રથમ <u>ચાર</u> હેલિકોપ્ટર અમેરિકાએ ભારતને સોંપ્યા હતા.
- જોકે, હવે 13 જુલાઈ, 2020 સુધીમાં અમેરિકાએ તમામ <u>22</u> અપાચે હેલિકોપ્ટર ભારતને સોંપી દીધા છે.

### અપાચે હેલિકોપ્ટરની વિશેષતા

1. આ હેલિકોપ્ટરનું નામ <u>'AH-64E Apache Gardian Helicopter'</u> છે.
2. અમેરિકાની <u>બોઈંગ (Boeing)</u> નામની કંપની દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
3. અપાચે વિશ્વનું સૌથી ઘાતક <u>ફાઈટર</u> અથવા તો <u>એટેક</u> હેલિકોપ્ટર છે. તે એડવાન્સ <u>મલ્ટિ રોલ ફાઈટર હેલિકોપ્ટર</u> છે.
4. આ હેલિકોપ્ટર દુશ્મન દેશની ઘેરાબંધીને ભેદીને સચોટ હુમલો કરવા માટે સક્ષમ છે. તેને રડારમાં પકડવું મુશ્કેલ છે.
5. આ હેલિકોપ્ટર યુદ્ધગ્રસ્ત વિસ્તારની <u>તસ્વીર</u> લેવામાં પણ સક્ષમ છે.
6. <u>બે એન્જિનવાળા</u> આ હેલિકોપ્ટરમાં <u>બે પાયલટ</u> બેસી શકે છે.
7. આ હેલિકોપ્ટરનું વજન 5165 કિલોગ્રામ છે અને તે આશરે 295થી 365 કિમી. પ્રતિ કલાકની ઝડપથી ઉડી શકે છે.
8. પહાડી વિસ્તારોમાં ઓપરેશન માટે તેમજ રાત્રીના સમયે ઉડાન ભરવા માટે પણ આ હેલિકોપ્ટર સક્ષમ છે.
9. આ હેલિકોપ્ટરની બંને બાજુ <u>30 mm</u>ની <u>બે ગન</u> પણ લાગેલી હોય છે. આ ઉપરાંત તેમાં તીવ્ર વિસ્ફોટકો ભરેલી <u>હેલિફાયર</u> અને <u>સ્ટ્રિંગર મિસાઈલો</u> પણ લગાવાયેલી છે.

### અપાચે હેલિકોપ્ટરનો ઈતિહાસ

- આ હેલિકોપ્ટરે <u>1975</u>માં તેની પ્રથમ ઉડાન ભરી હતી. અને <u>1986</u>માં તેને <u>અમેરિકા</u>ની સેનામાં શામેલ કરવામાં આવ્યું હતું.
- અમેરિકાએ ભારત અગાઉ ગ્રીસ, ઈન્ડોનેશિયા, જાપાન, ઈઝરાયેલ, કુવૈત, નેધરલેન્ડ, કતાર, સાઉદી અરેબિયા, સિંગાપોર વગેરે દેશોને આ હેલિકોપ્ટર વેચ્યા છે.



ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ અમેરિકાએ તમામ 15 ચિનૂક હેલિકોપ્ટર ભારતને સોંપ્યા

10 ફેબ્રુઆરી, 2019ના રોજ અમેરિકાની એરોસ્પેસ કંપની બોઇંગે સૌપ્રથમ 4 ચિનૂક હેલિકોપ્ટર ભારતને સોંપ્યા હતા.

- જોકે, 13 જુલાઈ 2020 સુધીમાં હવે અમેરિકાએ તમામ 15 ચિનૂક હેલિકોપ્ટર ભારતને સોંપી દીધા છે.

### 15 ચિનૂક હેલિકોપ્ટર માટે કરાર

સપ્ટેમ્બર, 2015માં અમેરિકાની બોઈંગ નામની કંપની પાસેથી 15 ચિનૂક હેલિકોપ્ટર તથા 22 અપાચે હેલિકોપ્ટરની ખરીદી માટેની પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

- આ અંતર્ગત 15 ચિનૂક હેલિકોપ્ટરમાંથી વર્ષ 2019માં પહેલા તબક્કામાં 4 CH-47F(I) Chinook હેલિકોપ્ટર ભારતને સોંપવામાં આવ્યા હતા.

### ચિનૂક હેલિકોપ્ટરની વિશેષતા

(1) ચિનૂક હેલિકોપ્ટર અમેરિકન સૈન્યનું એક વિશિષ્ટ હેલિકોપ્ટર છે. આ હેલિકોપ્ટરની મદદથી જ અમેરિકાને ઓસામા બિન લાદેનને મારવામાં સફળતા મળી હતી.

(2) ચિનૂક મલ્ટિપર્પઝ, વર્ટિકલ લિફ્ટ પ્લેટફોર્મ હેલિકોપ્ટર છે, તેનો ઉપયોગ સૈનિકો, શસ્ત્રો, સાધનો અને ઈંધણના પરિવહન માટે થઈ શકે છે.

(3) ચિનૂક બે રોટરવાળું હેવીલિફ્ટ હેલિકોપ્ટર છે.

(4) તે ખૂબ જ વધુ ઊંચાઈ સુધી ઉડાન ભરી શકે છે અને 9.6 ટન વજન ઉઠાવી શકે છે. આથી દુર્ગમ પહાડી વિસ્તારો તેમજ દુર્ગમ સરહદી વિસ્તારોમાં હેવી મશીનરી, તોપ, ટેન્ક વગેરે લઈ જવામાં તે સક્ષમ છે.

(5) કુદરતી તથા માનવ નિર્મિત આફતોમાં રાહત સામગ્રી પહોંચાડવા માટે તેમજ મોટી સંખ્યામાં રાહત સામગ્રી પહોંચાડવા માટે તેમજ મોટી સંખ્યામાં લોકોને બચાવવા માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે.




### ચિનૂક હેલિકોપ્ટરનું ભારત માટે વ્યૂહાત્મક મહત્ત્વ

વ્યૂહાત્મક દષ્ટિએ ભારત માટે ચિનૂક હેલિકોપ્ટર ખૂબ જ મહત્ત્વના છે.

- આ હેલિકોપ્ટરની મદદથી ભારત પાકિસ્તાન તથા ચીનના સરહદી વિસ્તારોમાં રોડ રસ્તાના નિર્માણ માટેનો સામાન સરળતાથી પહોંચાડી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેથી ભારતના સરહદી વિસ્તારોમાં માળખાગત સુવિધાનો ઝડપથી વિકાસ થશે.

**નોંધ :** (1) ભારત અમેરિકાના ચિનૂક હેલિકોપ્ટરનો ઉપયોગ કરનાર વિશ્વનો 19મો અને અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ કરનાર વિશ્વનો 14મો દેશ હશે.

(2) અમેરિકાના <u>અપાચે હેલિકોપ્ટર</u>ની ગણતરી <u>વિશ્વના સૌથી શ્રેષ્ઠ લડાકૂ હેલિકોપ્ટર</u>માં થાય છે.

## ➤ ભારતમાં વાઘની વસતી ગણતરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

ભારતમાં થયેલી <u>વાઘની વસતી ગણતરી 2018ના ચોથા તબક્કા</u>ને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.

- ગિનિસ બુકમાં નોંધાયેલા આ રેકોર્ડ મુજબ ભારતમાં વાઘની વસતી ગણતરી 2018નો ચોથો તબક્કો <u>સંસાધન અને ડેટા</u> બંનેના હિસાબે અત્યાર સુધીની <u>સૌથી મોટી ગણતરી</u> હતી.
- જેમાં 141 જેટલી વેબસાઈટોની મદદથી જુદા જુદા <u>26,838</u> સ્થળોએ રખાયેલા કેમેરા દ્વારા વન્યજીવોની <u>3,48,58,623 (3.48 કરોડ)</u> તસવીરો લેવામાં આવી હતી. અને આ તસ્વીરોની મદદથી વાઘની ઓળખ કરવામાં આવી હતી.
- આ ઉપરાંત આ વસતી ગણતરી અંતર્ગત <u>1,21,337 ચોરસ કિલોમીટર</u> વિસ્તારમાં સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.
- જેને <u>વિશ્વના સૌથી મોટા કેમેરા ટ્રેપ વન્યજીવ સર્વેક્ષણ</u> તરીકે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વર્ષ 2018ની વાઘની વસતી ગણતરીનો રિપોર્ટ

29 જુલાઈ, 2019ના રોજ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' નિમિત્તે ભારતના વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>એ <u>નવી દિલ્હી</u> ખાતેથી <u>'All India Tiger Estimation Report 2018'</u> રજૂ કર્યો હતો.

- આ રિપોર્ટ અનુસાર ભારતમાં વાઘની સંખ્યા <u>2,967</u> અથવા તો <u>3000</u> છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતના રાજ્યોમાં સૌથી વધુ વાઘ <u>મધ્યપ્રદેશ</u>માં છે.
- જ્યારે મધ્યપ્રદેશ બાદ <u>કર્ણાટક</u> <u>બીજા</u> અને <u>ઉત્તરાખંડ</u> <u>ત્રીજા</u> ક્રમે છે.



## ભારતના વિવિધ રાજ્યોમાં વાઘની સંખ્યા

| ક્રમ | રાજ્ય | વાઘની સંખ્યા |
|---|---|---|
| 1 | મધ્યપ્રદેશ | 526 |
| 2 | કર્ણાટક | 524 |
| 3 | ઉત્તરાખંડ | 442 |
| 4 | મહારાષ્ટ્ર | 312 |
| 5 | તમિલનાડુ | 264 |
| 6 | કેરળ, આસામ | 190 |

- ભારતમાં વર્ષ 2006, 2010 અને 2014 બાદ તાજેતરમાં વર્ષ 2018માં વાઘની **ચોથી વખત** ગણતરી કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ 2014 બાદ વાઘની સંખ્યામાં સૌથી વધુ સુધારો **તમિલનાડુ**ના **સત્યમંગલમ્ ટાઈગર રિઝર્વ**માં થયો છે.
- જ્યારે ભારતમાં **મધ્યપ્રદેશ**ના **પેંચ ટાઈગર રિઝર્વ**માં વાઘોની સંખ્યા સૌથી વધુ છે.

## ભારતમાં વાઘની સંખ્યા

ભારતમાં વર્ષ 2014માં વાઘની સંખ્યા 2226 હતી.

- જે વધીને વર્ષ 2018માં 2967 અથવા તો અંદાજે 3000 જેટલી થઈ ગઈ છે.
- આથી, વર્ષ 2014 બાદ ભારતમાં વાઘની સંખ્યામાં 33 ટકાનો વધારો થયો છે.

## ભારતમાં વાઘની સંખ્યા

| ક્રમ | વર્ષ | અંદાજિત સંખ્યા |
|---|---|---|
| 1 | 2006 | 1411 |
| 2 | 2010 | 1706 |
| 3 | 2014 | 2226 |
| 4 | 2018 | 2967 અથવા 3000 |

**નોંધ :** (1) વર્ષ 2010માં સેંટ પિટર્સબર્ગ સંમેલનમાં 2022 સુધીમાં વાઘોની સંખ્યા બમણી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. જે ભારતે વર્ષ 2018માં જ પૂરું કરી લીધું છે.

(2) ભારતમાં વર્ષ 2018માં વાઘની વાસ્તવિક સંખ્યા 2603 થી 3346 સુધી હોવાની સંભાવના છે. આથી અંદાજિત 3000 સંખ્યા રજૂ કરવામાં આવી છે.

(3) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 29 જુલાઈ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' તરીકે ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. 28 જૂનથી 12 જુલાઈ 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'સંસ્કૃતિ પર્વ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

   (A) માનવ સંસાધન વિકાસ (B) સંસ્કૃતિ
   (C) રમત ગમત (D) ગ્રામીણ વિકાસ **(B)**

2. 28 જૂનથી 12 જુલાઈ 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા 'સંસ્કૃતિ પર્વ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ 'સંસ્કૃતિ પર્વ'નો મુખ્ય ઉદ્દેશ શું હતો ?

   (A) ભારતમાં કલાસિકલ સંગીતને પ્રોત્સાહન આપવું
   (B) ભારતમાં કલાસિકલ નૃત્યને પ્રોત્સાહન આપવું
   (C) ભારતમાં આધ્યાત્મિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું
   (D) ભારતમાં વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવું **(D)**

3. ભારતીય વાયુસેના માટે અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે ભારત અને અમેરિકા વચ્ચે ક્યારે કરાર થયા હતા ?

   (A) સપ્ટેમ્બર 2013 (B) સપ્ટેમ્બર 2014
   (C) સપ્ટેમ્બર 2015 (D) સપ્ટેમ્બર 2016 **(C)**

4. સપ્ટેમ્બર 2015માં કેટલા અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે ભારતે અમેરિકા સાથે કરાર કર્યા હતા ?

   (A) 20 (B) 22 (C) 24 (D) 26 **(B)**

5. અમેરિકાની કઈ કંપની દ્વારા અપાચે હેલિકોપ્ટરનું નિર્માણ કરવામાં આવે છે ?

   (A) લોકહીડ માર્ટિન (B) બોઈંગ
   (C) જનરલ ડાયનેમિક્સ (D) BAE સિસ્ટમ્સ **(B)**

6. 'AH-64 E Apache Gardian Helicopter'ની વિશેષતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

   1. તે મલ્ટિ રોલ ફાઈટર (અથવા તો એટેક) હેલિકોપ્ટર છે.
   2. તે બે એન્જિન ધરાવે છે.
   3. તેમાં બે પાયલટના સિટિંગની વ્યવસ્થા છે.
   4. અમેરિકાએ પાકિસ્તાનને આવા 4 હેલિકોપ્ટર આપ્યા છે.

   Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. સપ્ટેમ્બર 2015માં ભારતે અમેરિકા પાસેથી કુલ કેટલા ચિનૂક હેલિકોપ્ટર ખરીદવા માટે કરાર કર્યા હતા ?
(A) 10 (B) 15 (C) 22 (D) 24 **(B)**

8. ભારતે અમેરિકાની કઈ કંપની પાસેથી ચિનૂક હેલિકોપ્ટર ખરીદયા છે ?
(A) Space X (B) MD Helicopters
(C) Lockheed Martin (D) Boeing **(D)**

9. ભારતમાં વાઘની વસતી ગણતરી 2018ના કયા તબક્કાને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(D)**

10. 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 27 જુલાઈ (B) 28 જુલાઈ (C) 29 જુલાઈ (D) 30 જુલાઈ **(C)**

11. વર્ષ 2018માં થયેલી ગણતરી અનુસાર ભારતમાં વાઘની સંખ્યા કેટલી છે ?
(A) 1967 અથવા 2000 (B) 2967 અથવા 3000
(C) 3967 અથવા 4000 (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

12. વર્ષ 2018માં થયેલી ચોથી વાઘની ગણતરી અનુસાર ભારતના કયા રાજ્યમાં વાઘની સંખ્યા સૌથી વધારે છે ?
(A) મધ્યપ્રદેશ (B) કર્ણાટક (C) ઉત્તરાખંડ (D) મહારાષ્ટ્ર **(A)**

13. વર્ષ 2014ની તુલનાએ વર્ષ 2018માં ભારતમાં વાઘની સંખ્યામાં આશરે કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 12 (B) 18 (C) 25 (D) 33 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ
YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

14 JULY, 2020 TUESDAY

## ➤ ગુજરાતના પ્રસિદ્ધ પત્રકાર, લેખક શ્રી નગીનદાસ સંઘવીનું નિધન



ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કટાર લેખક શ્રી નગીનદાસ સંઘવીનું 12 જુલાઈ 2020ના રોજ 100 વર્ષની વયે સુરત ખાતે નિધન થયું છે.

- 'બાપા' અથવા તો 'નગીનબાપા' તરીકે પ્રસિદ્ધ શ્રી નગીનદાસ સંઘવી માત્ર ગુજરાતના જ નહિ પરંતુ કદાચ સમગ્ર દેશના સૌથી મોટી વયના કટારલેખક ઉપરાંત પ્રસિદ્ધ પત્રકાર, રાજકીય વિશ્લેષક, વિચારક અને સમાજચિંતક હતા.
- તેઓ 'શતાયુ' એટલે કે 100 વર્ષ સુધી જીવનારા ગુજરાતી કટાર લેખક હતા.
- 10 માર્ચ 1920ના રોજ ગુજરાતના ભાવનગર જિલ્લાના ભૂંભલી ગામમાં તેમનો જન્મ થયો હતો.
- તેઓ આશરે 55 વર્ષથી વધુ સમયથી સમાજ અને રાજકારણ વિશે વિવિધ ન્યૂઝ પેપરો અને મેગેઝિનોમાં લેખ લખી રહયા હતા.
- તેઓ 'ચિત્રલેખા', 'ગુજરાત મિત્ર' અને 'દિવ્ય ભાસ્કર'માં નિયમિત કટાર લખતા હતા.
- જેમાંથી તેમની –

  **દિવ્ય ભાસ્કરમાં : 'તડ અને ફડ' તથા**

  **ચિત્રલેખામાં : 'ભારતનું મહાભારત'**

  કોલમ ખૂબ જ પ્રસિદ્ધ હતી.
- આ ઉપરાંત તેમણે ગીતા, રામાયણ અને મહાભારત વિશે પ્રવચનો પણ આપ્યા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પુસ્તકો

શ્રી નગીનદાસ સંઘવીએ ગુજરાતી ઉપરાંત અંગ્રેજી ભાષામાં કેટલાક પુસ્તકોનું પણ સર્જન કર્યું છે.

- જેમાંથી મહાત્મા ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના કાર્યકાળ પર આધારિત 'ગાંધી : ધ એગોની ઓફ અરાઈવલ-ધ સાઉથ આફ્રિકા યર્સ' (Gandhi : The Agony of Arrival - The South Africa Years) પુસ્તક ખૂબ જ પ્રસિદ્ધ થયું હતું.
- તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશે પણ 'નરેન્દ્રભાઈ મોદી : એક રાજકીય સફર' નામથી એક પુસ્તક લખ્યું છે.
- તેમણે શ્રી રાજમોહન ગાંધીના અંગ્રેજી પુસ્તકનો 'સરદાર પટેલ : એક સમર્પિત જીવન' નામથી ગુજરાતી ભાષામાં અનુવાદ પણ કર્યો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- તેમના અન્ય પુસ્તકોમાં ગુજરાત : એ પોલિટિકલ એનાલિસિસ, મહામાનવ શ્રી કૃષ્ણ, ગુજરાત એટ ક્રોસ રોડ, અ બ્રીફ હિસ્ટરી ઓફ યોગા, ગીતા વિમર્શ, ગીતા નવી નજરે, ધર્મ અને સમાજ, રામાયણની અંતર યાત્રા, લોકશાહીને લૂણો વગેરેનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત તેમણે લગભગ 29 જેટલી પરિચય પુસ્તિકાઓ પણ લખી છે.

## એવોર્ડ

શ્રી નગીનદાસ સંઘવીને શિક્ષણ અને પત્રકારત્વની કેટેગરીમાં વર્ષ 2019માં 'પદ્મશ્રી' પુરસ્કાર એનાયત થયો હતો.

- આ ઉપરાંત વર્ષ 2016માં 'ચિત્રલેખા' તરફથી તેમને 'વજુ કોટક સુવર્ણચંદ્રક' પણ એનાયત થયો હતો.

## ➤ ગુજરાતમાં મોરબી જિલ્લાની છત્તર GIDCના પ્લોટની મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાહત દરે ફાળવણી

13 જુલાઈ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી છત્તર GIDCના પ્લોટોનું રાહત દરે ઓનલાઈન લોકાર્પણ કરાવ્યું છે.

- આ અંતર્ગત ગુજરાતમાં મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના છત્તર અથવા તો છત્તર-મીતાણા ખાતે વિકસાવવામાં આવેલી GIDCના 127 પ્લોટોની રાહત દરે ઓનલાઈન ડ્રોથી ફાળવણી કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXA

## CETP પ્લાન્ટનું લોકાર્પણ

આ ઉપરાંત 13 જુલાઈ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભરૂચ જિલ્લાની દહેજ અને સાયખા GIDCમાં બે CETP પ્લાન્ટનું લોકાર્પણ પણ કરાવ્યું છે.

- દહેજ અને સાયખાની ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગોના પ્રદૂષિત ગંદા પાણીના શુદ્ધિકરણ અને નિકાલ માટે 40 MLD ક્ષમતાના આ બે CETP પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે.

**નોંધ :** (1) GIDCનું પૂરું નામ Gujarat Industrial Development Corporation (ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ) છે.

(2) CETPનું પૂરું નામ 'Common Effluent Treatment Plant (સામાન્ય પ્રવાહી શુદ્ધિકરણ પ્લાન્ટ) છે.

## ➤ કેરળના ઐતિહાસિક શ્રી પદ્મનાભસ્વામી મંદિર ઉપર ત્રાવણકોર રાજઘરાનાનો પહેલો હક : સુપ્રીમ કોર્ટ

13 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતમાં **કેરળ**ના ઐતિહાસિક **પદ્મનાભસ્વામી મંદિર**ના મેનેજમેન્ટ અને તેની સંપત્તિ અંગે ભારતની **સુપ્રીમ કોર્ટે** એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે.

- આ અંતર્ગત સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો આપતાં જણાવ્યું છે કે, પદ્મનાભસ્વામી મંદિરના **મેનેજમેન્ટ**નો અધિકાર **ત્રાવણકોર રાજઘરાના**નો એટલે કે **ત્રાવણકોરના પૂર્વ શાહી પરિવાર**નો જ રહેશે.
- જોકે, સુપ્રીમ કોર્ટના આ ચુકાદા અનુસાર જ્યાં સુધી મુખ્ય કમિટીની રચના ન થાય ત્યાં સુધી હાલ કામચલાઉ રીતે મંદિરનો વહીવટ **તિરુવનંતપુરમના જિલ્લા જજની અધ્યક્ષતાવાળી કમિટી** દ્વારા કરવામાં આવશે.
- આ સાથે જ સુપ્રીમ કોર્ટે **કેરળ હાઈકોર્ટ**ના **વર્ષ 2011**ના ચુકાદાને પલટાવી નાખ્યો છે.
- આ અગાઉ વર્ષ 2011માં કેરળ હાઈકોર્ટે પદ્મનાભસ્વામી મંદિરના મેનેજમેન્ટનો અધિકાર **કેરળની રાજ્ય સરકાર**ને આપ્યો હતો.
- આથી, કેરળ હાઈકોર્ટના આ આદેશની વિરુદ્ધ **ત્રાવણકોરના પૂર્વ શાહી પરિવારે** સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

### સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે આ ચુકાદો આપ્યો છે ?

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ **શ્રી યુ. યુ. લલિત અને સુશ્રી ઈન્દુ મલ્હોત્રા**ની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો.

### પદ્મનાભસ્વામી મંદિર વિવાદ શું છે ?

કેરળના ઐતિહાસિક શ્રી પદ્મનાભસ્વામી મંદિરનું મેનેજમેન્ટ 20 જુલાઈ, 1991 સુધી ત્રાવણકોરના અંતિમ શાસકની અધ્યક્ષતાવાળા ટ્રસ્ટ દ્વારા થતું હતું.

- જોકે, 20 જુલાઈ, 1991ના રોજ ત્રાવણકોરના અંતિમ શાસકના નિધન બાદ આ મંદિરમાં કથિત નાણાકીય અનિયમિતતાને લઈને મંદિરના વહીવટ અને મેનેજમેન્ટ અંગે પ્રશ્નો ઊભા થયા હતા.
- આથી, વર્ષ 2011માં **કેરળ હાઈકોર્ટે** આ મંદિરનો વહીવટ **કેરળની રાજ્ય સરકાર**ને સોંપ્યો હતો.
- કેરળ હાઈકોર્ટના આ ચુકાદાને ત્રાવણકોર રાજઘરાનાએ **સુપ્રીમ કોર્ટ**માં પડકાર્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ICE ®

## ભારતનું સૌથી ધનાઢ્ય મંદિર પદ્મનાભસ્વામી મંદિર

દક્ષિણ ભારતમાં આવેલું શ્રી પદ્મનાભસ્વામી મંદિર **ભગવાન 'પદ્મનાભ'** એટલે કે **ભગવાન 'વિષ્ણુ'**નું મંદિર છે.

- ભારતમાં **કેરળ**ના **તિરુવનંતપુરમ**માં આ મંદિર આવેલું છે.
- આ મંદિરને ભારતનું સૌથી ધનાઢ્ય અથવા તો ભારતના સૌથી ધનાઢ્ય મંદિરો પૈકીનું એક મંદિર માનવામાં આવે છે.
- આ મંદિર પાસે આશરે રૂ. **2 લાખ કરોડ**ની સંપત્તિ હોવાનું કહેવાય છે.
- વર્ષ 2011માં આ મંદિરના 6 ભોંયરામાંથી રૂ. **1 લાખ કરોડ**નો ખજાનો મળી આવ્યો હતો.
- લગભગ ઈ.સ. **1731**માં **ત્રાવણકોરના રાજા માર્તંડ વર્મા**એ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. અને એવું કહેવાય છે કે **1750**માં **શ્રી માર્તંડ વર્મા**એ તેમનું સમગ્ર રાજ્ય ભગવાન પદ્મનાભ સ્વામીને અર્પણ કરી દીધું હતું અને **'પદ્મનાભદાસ'** અર્થાત્ **'ભગવાન વિષ્ણુના સેવક'** તરીકેનું બિરુદ મેળવ્યું હતું.
- આ મંદિરના નિર્માણમાં **દ્રવિડ અને કેરળ શૈલી**નું મિશ્રણ જોઈ શકાય છે.
- આ મંદિરમાં **ભગવાન વિષ્ણુ**ની વિશાળ મૂર્તિ આવેલી છે. જેમાં ભગવાન વિષ્ણુ **શેષનાગ પર શયન મુદ્રા**માં વિરાજમાન છે.

**નોંધ :** (1) શ્રી પદ્મનાભસ્વામી મંદિર પાસે એક **સરોવર** પણ આવેલું છે. જેને **'પદ્મતીર્થ કુલમ'** તરીકે ઓળખવામાં આવે છે.

(2) આ મંદિરનું પરિસર **સાત માળ** ઊંચું છે અને તેનું **ગોપુરમ દ્રવિડ શૈલી**માં બનેલું છે.

(3) કેરળના **તિરુવનંતપુરમ** નામના શહેરનું નામ **ભગવાન વિષ્ણુના 'અનંત' નામના નાગ** પરથી રાખવામાં આવ્યું છે એવું કહેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE Questions

1. 'શતાયુ' એટલે કે 100 વર્ષ સુધી જીવનારા કયા પ્રસિદ્ધ ગુજરાતી કટાર લેખકનું જુલાઈ 2020 દરમિયાન નિધન થયું છે ?
(A) શ્રી નગીનદાસ પારેખ (B) શ્રી નગીનદાસ પંડયા
(C) શ્રી નગીનદાસ સંઘવી (D) શ્રી નાગીનદાસ ત્રિવેદી **(C)**

2. ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કટાર લેખક, પત્રકાર અને રાજકીય વિશ્લેષક શ્રી નગીનદાસ સંઘવીનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) ભૂંભલી, જામનગર (B) ભૂંભલી, અમરેલી
(C) ભૂંભલી, રાજકોટ (D) ભૂંભલી, ભાવનગર **(D)**

3. ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કટાર લેખક શ્રી નગીનદાસ સંઘવી 'દિવ્યભાસ્કર'માં પ્રસિદ્ધ થતી કઈ કોલમ માટે પ્રસિદ્ધ હતા ?
(A) ભારતનું મહાભારત (B) ગીતા નવી નજરે
(C) રાજકારણની આજકાલ (D) તડ અને ફડ **(D)**

4. ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કટાર લેખક શ્રી નગીનદાસ સંઘવીને કયો પદ્મ પુરસ્કાર એનાયત થયો હતો ?
(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ
(C) પદ્મ વિભૂષણ (D) ઉપરોક્ત ત્રણેય **(A)**

5. 13 જુલાઈ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની કઈ GIDCના 127 પ્લોટોની રાહત દરે ઓનલાઈન ફાળવણી કરી હતી ?
(A) છત્તર–મીતાણા (B) છત્તર–સલાયા
(C) છત્તર–સાખાયા (D) છત્તર–કલાણા **(A)**

6. 13 જુલાઈ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની કયા જિલ્લાની છત્તર–મીતાણા GIDCના 127 પ્લોટોની રાહત દરે ઓનલાઈન ફાળવણી કરી હતી ?
(A) ભાવનગર (B) વલસાડ (C) મોરબી (D) વડોદરા **(C)**

7. 13 જુલાઈ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ભરૂચ જિલ્લાની કઈ બે ઔદ્યોગિક વસાહતોમાં બે CETP પ્લાન્ટનું ઈ–લોન્ચિંગ કર્યું છે ?
(A) દહેજ અને સાયખા (B) દહેજ અને સલાયા
(C) દહેજ અને છનાળા (D) દહેજ અને સાલેમા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. 13 જુલાઈ, 2020ના રોજ કેરળના ઐતિહાસિક પદ્મનાભસ્વામી મંદિરના મેનેજમેન્ટનો અધિકાર કોને આપવાનો ભારતની સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે ?

(A) કેરળ રાજ્ય સરકારને

(B) કેન્દ્ર સરકારને

(C) પદ્મનાભસ્વામી મંદિરના પૂજારીઓને

(D) ત્રાવણકોરના પૂર્વ શાહી પરિવારને (D)

---

9. સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે પદ્મનાભસ્વામી મંદિર પરના અધિકાર અંગેનો ચુકાદો આપ્યો છે ?

(A) જસ્ટિસ યુ. યુ. લલિત અને જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા

(B) જસ્ટિસ યુ. યુ. લલિત અને જસ્ટિસ ઈન્દ્રમણિ ત્રિવેદી

(C) જસ્ટિસ યુ. યુ. લલિત અને જસ્ટિસ ઈન્દિરા શર્મા

(D) જસ્ટિસ યુ. યુ. લલિત અને જસ્ટિસ ઈન્દુમતિ ચૌધરી (A)

---

10. તાજેતરમાં ચર્ચામાં રહેલ પદ્મનાભસ્વામી મંદિરના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તે ભારતના કેરળમાં આવેલું છે.

2. તે કેરળના તિરુવનંતપુરમ જિલ્લામાં આવેલું છે.

3. તેમાં ભગવાન વિષ્ણુની શેષનાગ પર શયન મુદ્રા ધરાવતી મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે.

4. તેનો જીર્ણોદ્ધાર ત્રાવણકોરના રાજા માર્તંડ વર્માએ કર્યો હતો.

5. આ મંદિરના નિર્માણમાં દ્રવિડ અને કેરળ શૈલીનું મિશ્રણ જોઈ શકાય છે.

Ans. : (A) 1, 2, 3, 4, 5 (B) 1, 3, 4, 5 (C) 1, 2, 3, 4 (D) 1, 3, 4 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**15 JULY, 2020 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 15 જુલાઈ,વિશ્વ યુવા કૌશલ દિવસ (World Youth Skills Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 15 જુલાઈના રોજ 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને રોજગારી અપાવવા સ્કિલ ડેવલપમેન્ટ (કૌશલ નિર્માણ) પર ફોકસ કરવાનો છે.
- કોઈપણ જોબ મેળવવા માટે Skill સૌથી અગત્યની બાબત છે. આથી, આ દિવસે સ્કિલ ડેવલપમેન્ટ અંગે જાગૃતિ ફેલાવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા 18 ડિસેમ્બર, 2014ના રોજ આ દિવસની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ 15 જુલાઈ, 2015થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2020ની 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની થીમ 'Skills for a Resilint Youth' છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સ્કિલ ઈન્ડિયા મિશન

15 જુલાઈ, 2015ને પ્રથમ 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં 'સ્કિલ ઈન્ડિયા મિશન' (Skill India Mission) લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ મિશનને 'નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ મિશન' (National Skill Development Mission) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ મિશન અંતર્ગત વર્ષ 2022 સુધીમાં ભારતમાં 40 કરોડથી વધુ યુવાઓ અથવા તો નાગરિકોને જુદી જુદી સ્કિલની તાલીમ આપવાની સરકારની યોજના છે.

**નોંધ :** (1) 15 જુલાઈ, 2020ને 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના યુવાઓને સંબોધન કર્યુ હતું.

(2) જ્યારે 15 જુલાઈ 2020ને 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ના રોજ ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં 'નેશનલ સ્કિલ સમિટ વેબિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું.

(3) આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના પ્રોજેક્ટ 'સંકલ્પ'નું ઈ–લોન્ચિંગ પણ કર્યુ હતું.

(4) **'સંકલ્પ' પ્રોજેક્ટ**નો મુખ્ય ઉદ્દેશ : 'ઈન્ડસ્ટ્રી દ્વારા, ઈન્ડસ્ટ્રી સ્પેસિફિક તાલીમ આપી, ઉદ્યોગોની જરૂરિયાતના આધારે યુવાઓને રોજગારી ઉપલબ્ધ કરાવી આત્મનિર્ભર' બનાવવાનો છે.

## ICE Questions

1. 'વિશ્વ યુવા કૌશલ દિવસ' અથવા તો 'વર્લ્ડ યૂથ સ્કિલ્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 11 જુલાઈ (B) 13 જુલાઈ (C) 15 જુલાઈ (D) 17 જુલાઈ **(C)**

2. 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
(A) 2013 (B) 2014 (C) 2015 (D) 2016 **(C)**

3. વર્ષ 2020ની 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની થીમ શું છે ?
(A) Learning to learn for life and Work
(B) Innovation and Sustainability
(C) Skills for the Future of Work
(D) Skills for a Resilint Youth **(D)**

4. ભારતમાં યુવાઓને જુદી જુદી સ્કિલની તાલીમ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2015માં પ્રથમ 'વિશ્વ યુવા કૌશલ દિવસ' નિમિત્તે કયું મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) યુથ ઈન્ડિયા (B) સ્કિલ ઈન્ડિયા
(C) સ્કિલ ફોર યૂથ (D) સ્કિલ ફોર યૂથ ઈન્ડિયા **(B)**

5. 15 જુલાઈ 2020ને 'વિશ્વ યુવા કૌશલ દિવસ' નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં કયા વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) નેશનલ સ્કિલ સમિટ વેબિનાર
(B) નેશનલ સ્કિલ ઈન્ડિયા વેબિનાર
(C) નેશનલ યૂથ સ્કિલ વેબિનાર
(D) નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ વેબિનાર **(A)**

6. 15 જુલાઈ 2020ને 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સરકારના કયા વિભાગના પ્રોજેક્ટ 'સંકલ્પ'નું લોકાર્પણ કરાવ્યું છે ?
(A) ઉદ્યોગ અને ખાણ (B) રમતગમત અને યુવા બાબતો
(C) શ્રમ અને રોજગાર (D) માહિતી અને શિક્ષણ **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

16 JULY, 2020 THURSDAY

## ➢ દિવસ મહિમા : 16 જુલાઈ, વિશ્વ સાપ દિવસ (World Snake Day)

## ➢ ભારતીય સેનાને હવે રૂ. 300 કરોડ સુધીની ખરીદીનો અધિકાર

તાજેતરમાં ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા સીમા વિવાદ દરમિયાન ભારતની સેનાને વધુ શકિતશાળી બનાવવા માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા એક અગત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- આ નિર્ણય અંતર્ગત ભારતમાં હવે સશસ્ત્ર દળોને રૂ. 300 કરોડ સુધીની ખરીદીની છૂટ આપવામાં આવી છે.
- આથી, ભારતમાં હવે સેનાની ત્રણે પાંખોને રૂ. 300 કરોડ સુધીની સંરક્ષણ ખરીદીનો વિશેષાધિકાર મળી ગયો છે.
- જેને કારણે ભારતના સશસ્ત્ર દળો તેમની ઈમરજન્સી જરૂરિયાત તાત્કાલિક પૂરી કરી શકશે.
- આ ઉપરાંત સશસ્ત્ર દળોને હવે મહત્ત્વના હથિયાર એક વર્ષની અંદર જ મળી જશે.

નોંધ : (1) ભારતમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહની અધ્યક્ષતાવાળી Defence Acquisition Council -DAC (સંરક્ષણ ખરીદી પરિષદ)માં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

(2) DAC એ ભારતમાં સંરક્ષણ ખરીદી અંગે નિર્ણયો કરતી ભારતની હાઈએસ્ટ ડિસિઝન મેકિંગ બોડી છે. ભારતના સંરક્ષણ મંત્રી તેના અધ્યક્ષ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ ગૂગલ દ્વારા રિલાયન્સ જિયોમાં રૂ. 33 હજાર કરોડના રોકાણની જાહેરાત

15 જુલાઈ 2020ના રોજ ભારતમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની 43મી એન્યુઅલ જનરલ મિટિંગ (AGM)નું આયોજન થયું હતું.

- રિલાયન્સની આ 43મી AGMમાં ગૂગલ દ્વારા રિલાયન્સ જિયોની પેરેન્ટ કંપની Jio Platforms Limitedમાં રૂ. 33,737 કરોડનું રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે.
- જે જિયો પ્લેટફોર્મમાં Facebook બાદ કરવામાં આવેલું બીજા નંબરનું સૌથી મોટું રોકાણ છે.
- આ રોકાણ દ્વારા Google રિલાયન્સ જિયોનો 7.73 ટકા હિસ્સો ખરીદશે.
- ગૂગલની આ જાહેરાતની સાથે જ જિયો પ્લેટફોર્મમાં અન્ય કંપનીઓનું રોકાણ વધીને રૂ. 1.51 લાખ કરોડથી વધારે થઈ ગયું છે.

## 16 જુલાઇ 2020 સુધીમાં જિયો પ્લેટફોર્મમાં થયેલા સૌથી મોટા 5 રોકાણ

| ક્રમ | રોકાણકારો | રોકાણ રૂપિયા કરોડમાં | ભાગીદારી |
|---|---|---|---|
| 1 | Facebook | 43,573.62 | 9.99% |
| 2 | Google | 33,737.00 | 7.73% |
| 3 | Vista | 11,367.00 | 2.32% |
| | KKR | 11,367.00 | 2.32% |
| | PIF | 11,367.00 | 2.32% |

**નોંધ :** (1) જિયો પ્લેટફોર્મની સ્થાપના 2019માં થઈ હતી.
(2) જિયો પ્લેટફોર્મનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.

## જિયો ભારતમાં વર્લ્ડ ક્લાસ અને સ્વદેશી 5G સેવા લૉન્ચ કરશે

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આ 43મી AGMમાં શ્રી મુકેશ અંબાણીએ ભારતમાં આવતા વર્ષ સુધીમાં વર્લ્ડ ક્લાસ 5G સેવા લોન્ચ કરવાની જાહેરાત કરી છે.

- અને આ સેવા માટે ભારતમાં નિર્મિત ટેક્નોલોજી તેમજ સ્વદેશી ઉપકરણોનો જ ઉપયોગ કરવામાં આવશે એવી પણ તેમણે જાહેરાત કરી છે.
- સરકાર દ્વારા 5G સ્પેક્ટ્રમ ઉપલબ્ધ કરાવવામાં આવે એટલે તરત જ આ માટેની ટ્રાયલ શરૂ કરવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં 5G સેવા માટે જિયો ગૂગલ સાથે મળીને અફોર્ડેબલ 5G સ્માર્ટ ફોન પણ ઉપલબ્ધ કરાવશે.
- આ માટે જિયો ગૂગલ સાથે મળીને નવી સ્માર્ટફોન ઓપરેટિંગ સિસ્ટમ બનાવશે.

**નોંધ :** જુલાઈ 2020 દરમિયાન યોજાયેલી રિલાયન્સની આ વાર્ષિક સભા સૌપ્રથમ વખત વર્ચ્યુઅલી યોજાઈ હતી. જેમાં શ્રી મુકેશ અંબાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દેવા મુક્ત બની હોવાની જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતનો સૌથી મોટો રાઈટ્સ ઈસ્યુ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તાજેતરમાં ભારતમાં રાઈટ્સ ઈસ્યુ દ્વારા રૂ. 53,124 કરોડ મેળવ્યા હતા.

- જે ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો રાઈટ્સ ઈસ્યુ છે.
- અને તે બિનનાણાકીય સંસ્થા દ્વારા લાવવામાં આવેલો છેલ્લા એક દાયકાનો વિશ્વનો સૌથી મોટો રાઈટ્સ ઈસ્યુ હતો.

નોંધ : Rights Issue અથવા તો Rights Offerમાં અન્ય કોઈપણ વ્યકિતઓ કે રોકાણકારોની જગ્યાએ કંપની દ્વારા ફક્ત તેના વર્તમાન શેર હોલ્ડરને જ કંપનીના વધારાના નવા શેર ખરીદવા માટે આમંત્રણ આપવામાં આવે છે.

## જિયો ભારતને 2G મુક્ત બનાવશે

શ્રી મુકેશ અંબાણીએ તેમના જિયો 5G સોલ્યુશનને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતને સમર્પિત કર્યું છે.

- જે 100 ટકા મેડ ઈન ઈન્ડિયા હશે.
- આ 5G સર્વિસ આવતા એક વર્ષ સુધીમાં ભારતમાં લોન્ચ કરવામાં આવશે.
- ત્યારબાદ જિયો દ્વારા તેને વિશ્વના અન્ય દેશોમાં પણ લોન્ચ કરવામાં આવશે.
- આમ, જિયો ગૂગલ સાથે મળીને ભારતને 2G મુક્ત બનાવશે.



ICE Questions

1. 'વિશ્વ સાપ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 જુલાઈ (B) 15 જુલાઈ (C) 16 જુલાઈ (D) 17 જુલાઈ **(C)**

2. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય સશસ્ત્ર દળોને કેટલા રૂપિયા સુધીની સંરક્ષણ ખરીદીનો અધિકાર આપવામાં આવ્યો છે ?
(A) 300 કરોડ (B) 400 કરોડ (C) 500 કરોડ (D) 700 કરોડ **(A)**

3. ભારતમાં સંરક્ષણ ખરીદી પરિષદ (DAC)ની બેઠકમાં ભારતની સેનાને રૂ. 300 કરોડ સુધીની સંરક્ષણ ખરીદીની છૂટ આપવામાં આવી છે...ભારતમાં સંરક્ષણ ખરીદી પરિષદ (DAC)ના અધ્યક્ષ કોણ હોય છે ?
(A) ભારતના વડાપ્રધાન (B) ભારતના રાષ્ટ્રપતિ
(C) ભારતના નાણામંત્રી (D) ભારતના સંરક્ષણ મંત્રી **(D)**

4. રિલાયન્સની 43મી AGMમાં ગૂગલે રિલાયન્સ જિયોમાં કેટલા રૂપિયાના રોકાણની જાહેરાત કરી છે ?
(A) રૂ. 33,737 કરોડ (B) રૂ. 35,737 કરોડ
(C) રૂ. 37,737 કરોડ (D) રૂ. 39,737 કરોડ **(A)**

5. ગૂગલે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની કઈ કંપનીમાં રૂ. 33,737 કરોડનું રોકાણ કરવાની જાહેરાત કરી છે ?
(A) Jio Infocomm (B) Jio Mart
(C) Jio Saavn (D) Jio Platforms **(D)**

6. રૂ. 33,737 કરોડના રોકાણ દ્વારા ગૂગલે જિયો પ્લેટફોર્મ્સનો કેટલા ટકા હિસ્સો ખરીદયો છે ?
(A) 5.73 ટકા (B) 6.73 ટકા (C) 7.73 ટકા (D) 8.73 ટકા **(C)**

7. ભારતની કંપની જિયો પ્લેટફોર્મ્સમાં તાજેતરમાં (16 જુલાઈ, 2020 સુધીમાં) થયેલા રોકાણના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. તેમાં અત્યાર સુધીમાં કુલ 2.51 લાખ કરોડથી વધુના રોકાણની જાહેરાત થઈ છે.
2. ફેસબૂકે સૌથી વધુ રૂ. 43,538 કરોડના રોકાણ દ્વારા જિયો પ્લેટફોર્મ્સનો 9.99 ટકા હિસ્સો ખરીદ્યો છે.
3. ફેસબૂક બાદ જિયો પ્લેટફોર્મમાં બીજા નંબરનું સૌથી મોટું રોકાણ ગૂગલનું છે.

Ans. : (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) ફક્ત 3 **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. ભારતની કંપની જિયો પ્લેટફોર્મ્સમાં સૌથી વધુ રોકાણ ફેસબૂક અને ગૂગલનું છે...
16 જુલાઈ 2020 સુધીમાં ફેસબૂક અને ગૂગલ બાદ ત્રીજા ક્રમે કઈ કંપનીએ જિયો પ્લેટફોર્મમાં સૌથી વધુ રોકાણની જાહેરાત કરી છે ?

(A) VISTA (B) KKR (C) PIF (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

9. તાજેતરમાં ચર્ચામાં રહેલ જિયો પ્લેટફોર્મના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તે ભારતની ટેલિકોમ્યુનિકેશન, ઈ–કોમર્સ અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર કંપની છે.
2. તેની સ્થાપના 2017માં થઈ હતી.
3. તેનું વડુંમથક મુંબઈ ખાતે આવેલું છે.

Ans. : (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) ફક્ત 3 **(B)**

10. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની કેટલામી એન્યુઅલ જનરલ મિટિંગ (AGM)માં શ્રી મુકેશ અંબાણીએ ભારતમાં 100 ટકા સ્વદેશી 5G સર્વિસ લોન્ચ કરવાની જાહેરાત કરી છે ?

(A) 37મી (B) 40મી (C) 43મી (D) 47મી **(C)**

11. તાજેતરમાં ભારતમાં કઈ કંપનીએ ભારતના અત્યાર સુધીના સૌથી મોટા રાઈટ્સ ઈસ્યુ દ્વારા રૂ. 53,124 કરોડ એકત્ર કર્યા હતા ?

(A) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (B) ટાટા મોટર્સ
(C) ટાટા કન્સલ્ટન્સી લિમિટેડ (D) ઈન્ફોસિસ **(A)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી
દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે
ICE DAILY doseના Questions
ડાઉનલોડ કરવા અહીં ક્લિક કરો




JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## 17 JULY, 2020 FRIDAY

➤ **દિવસ મહિમા : 17 જુલાઈ, (1) વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ (World Day for International Justice)**
**(2) વિશ્વ ઈમોજી દિવસ (World Emoji Day)**

## ➤ સતત બીજા વર્ષે અમેરિકા ભારતનો સૌથી મોટો વ્યાપારિક ભાગીદાર દેશ બન્યો

ભારતમાં કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થયેલા આંકડા અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે 88.75 બિલિયન ડોલરનો દ્વિપક્ષીય વેપાર થયો છે.

- આ સાથે જ અમેરિકા સતત બીજા વર્ષે ભારતનો સૌથી મોટો વ્યાપારિક ભાગીદાર દેશ બની ગયો છે.
- આ અગાઉ નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે 87.96 બિલિયન ડોલરનો દ્વિપક્ષી વેપાર થયો હતો.
- અને એ સાથે જ અમેરિકા ચીનને પાછળ રાખીને ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ બની ગયો હતો.
- જોકે, એ અગાઉ નાણાકીય વર્ષ 2013-14થી 2017-18 દરમિયાન ચીન ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ હતો.

**નોંધ :** (1) નાણાકીય વર્ષ 2018-19ની તુલનાએ વર્ષ 2019-20માં ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં **વધારો** થયો છે.

(2) અમેરિકા ભારતનો મહત્ત્વનો વ્યાપારિક ભાગીદાર દેશ છે. કેમ કે અમેરિકામાંથી ભારતમાં થતી આયાત કરતા ભારતમાંથી અમેરિકામાં થતી નિકાસનું પ્રમાણ વધારે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે રૂ. 126.96 કરોડના વિકાસકામોનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા E લોકાર્પણ તથા ખાતમૂહુર્ત

16 જુલાઈ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી પ્રવાસન ક્ષેત્રના રૂ. 126.96 કરોડના વિકાસકામોનું ઈ–લોકાર્પણ તથા ખાતમૂહુર્ત કરાવ્યું છે.

- આ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના સોમનાથ ખાતે રૂ. 45 કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલી વિવિધ પ્રવાસી સુવિધાઓનું લોકાર્પણ કર્યું છે.
- ગુજરાતના પ્રસિદ્ધ તીર્થધામ સોમનાથ ખાતે 'પ્રસાદ યોજના' અંતર્ગત આ સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

### પ્રસાદ યોજના

ભારતમાં ધાર્મિક પર્યટનને વેગ આપવા માટે કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા વર્ષ 2014-15માં આ યોજના શરૂ કરવામાં આવી હતી.

- આ યોજના અંતર્ગત ભારતમાં પ્રસિદ્ધ તીર્થસ્થળોએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા વિવિધ પ્રવાસી સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહયો છે.
- આ યોજના અંતગર્ત ગુજરાતના સોમનાથ ઉપરાંત દ્વારકા એમ કુલ બે તીર્થધામોનો સમાવેશ થયો છે.
- પ્રસાદ (PRASAD) યોજનાનું પૂરું નામ 'Piligrimage Rejuvenation And Spiritual Augmentation Drive યોજના' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વિવિધ પ્રવાસન સ્થળોનું ખાતમૂહુર્ત

સોમનાથ ખાતે પ્રવાસી સુવિધાઓના લોકાર્પણ ઉપરાંત 16 જુલાઈ 2020ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નીચેના સ્થળોએ પ્રવાસન સુવિધાઓનું ઈ–ખાતમૂહુર્ત પણ કર્યું હતું.

(1) મોરબી જિલ્લાના વવાણિયા ખાતે શ્રીમદ્ રાજચંદ્રજીના સ્મારક ભવનમાં રૂ. 6.26 કરોડના ખર્ચે વિવિધ પ્રવાસી સુવિધાઓનું ખાતમૂહુર્ત.

(2) જૂનાગઢ જિલ્લાના ઉપરકોટ કિલ્લામાં રૂ. 45 કરોડના ખર્ચે લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતની પ્રવાસી સુવિધાઓનું ખાતમૂહુર્ત.

(3) મહિસાગર જિલ્લાના બાલાસિનોરના રૈયોલી ખાતે રૂ. 18-20 કરોડના ખર્ચે ડાયનાસોર મ્યુઝિયમ ફેઝ-2ના નિર્માણનું ખાતમૂહુર્ત.

(4) કચ્છ જિલ્લાના ધોરડોના સફેદ રણ ખાતે રૂ. 10 કરોડના ખર્ચે રોડ વાઈડિંગ તથા પાર્કિંગ સહિતની સુવિધાઓનું ખાતમૂહુર્ત.

(5) ઉત્તર ગુજરાતના પાટણમાં વીર મેઘમાયા સ્મારક ભવનમાં રૂ. 3 કરોડના ખર્ચે વિવિધ સુવિધાલક્ષી કામોનું ખાતમૂહુર્ત.

## કચ્છ ટુરિઝમ સર્કિટ

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી 'કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા' ઉકિતને સાર્થક કરવા માટે ગુજરાત સરકારે 'કચ્છ ટુરિઝમ સર્કિટ' વિકસાવવાની યોજના હાથ ધરી છે.

- આ અંતર્ગત ગુજરાતમાં કચ્છના ધોરડો સફેદ રણની મુલાકાતે આવનારા પ્રવાસીઓ કચ્છના અન્ય પ્રવાસન સ્થળોની પણ મુલાકાત લે તે માટે આ ટુરિઝમ સર્કિટ વિકસાવવામાં આવી રહી છે.
- આ ટુરિઝમ સર્કિટમાં ધોરડો સફેદ રણ ઉપરાંત સ્મૃતિવન, શ્રી શ્યામજીકૃષ્ણ વર્મા સ્મારક, ભૂજિયો ડુંગર, માંડવીનો સમુદ્રતટ, માતાનો મઢ અને નારાયણ સરોવર, પંચતીર્થ વગેરેનો સમાવેશ થાય છે.

**નોંધ :** આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા જ્યોતિર્લિંગ સોમનાથ, સાસણગીર, સિંહદર્શન, ગિરનાર પર્વત, ઉપરકોટનો કિલ્લો અને સોમનાથના દરિયા કિનારાને સાંકળી લેતી ટુરિઝમ સર્કિટ વિકસાવવા અંગે વિચારણા હાથ ધરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

1. 'વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

   (A) 15 જુલાઈ (B) 16 જુલાઈ (C) 17 જુલાઈ (D) 18 જુલાઈ — (C)

2. 'વિશ્વ ઈમોજી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

   (A) 17 જુલાઈ (B) 18 જુલાઈ (C) 19 જુલાઈ (D) 20 જુલાઈ — (A)

3. નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો સૌથી મોટો વ્યાપારિક ભાગીદાર દેશ કયો છે ?

   (A) અમેરિકા (B) ચીન (C) રશિયા (D) ફ્રાન્સ — (A)

4. ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપારના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. અમેરિકા સતત બે વર્ષથી ભારતનો સૌથી મોટો વ્યાપારિક ભાગીદાર દેશ છે.
2. વર્ષ 2018-19ની તુલનાએ નાણાકીય વર્ષ 2019-20માં ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપારમાં વધારો થયો છે.

Ans. : (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

5. 16 જુલાઈ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કયાંથી રૂ. 126.96 કરોડની વિવિધ પ્રવાસન સુવિધાઓનું ઈ–લોકાર્પણ તથા ઈ–ખાતમૂહુર્ત કર્યું હતું ?

(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) સોમનાથ (D) દ્વારકા **(B)**

6. જુલાઈ 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા સ્થળે 'પ્રસાદ યોજના' અંતર્ગત રૂ. 45 કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલી પ્રવાસન સુવિધાઓનું ઈ–લોકાર્પણ કર્યું છે ?

(A) દ્વારકા (B) જૂનાગઢ (C) સોમનાથ (D) અંબાજી **(C)**

7. જુલાઈ 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા સ્થળે રૂ. 45 કરોડના ખર્ચે લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતની સુવિધાઓ વિકાસાવવા માટે ખાતમૂહુર્ત કર્યું છે ?

(A) ઉપરકોટ કિલ્લો, જૂનાગઢ (B) વવાણિયા, મોરબી
(C) ધોરડો સફેદ રણ, કચ્છ (D) વીર મેઘમાયા સ્મારક, પાટણ **(A)**

8. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મહિસાગર જિલ્લાના બાલાસિનોરના રૈયોલી ખાતે ડાયનાસોર મ્યુઝિયમના નિર્માણના કેટલામા ફેઝનું ઈ–ખાતમૂહુર્ત કર્યું છે ?

(A) ફેઝ-1 (B) ફેઝ-2
(C) ફેઝ-3 (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

18 JULY, 2020 SATURDAY

## ➤ દિવસ મહિમા : 18 જુલાઈ, નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ (Nelson Mandela International Day)

## ➤ ભારત અને ભૂટાન વચ્ચે નવા 'જયગાંવ-પસાખા વ્યાપાર માર્ગ'નો પ્રારંભ

તાજેતરમાં **ભારત અને ભૂટાન** વચ્ચે નવા વ્યાપાર માર્ગને ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

- **'જયગાંવ-પસાખા વ્યાપાર માર્ગ'** તરીકે ઓળખાતો આ માર્ગ **ભારત**માં **પશ્ચિમ બંગાળ**ના **જયગાંવ** અને **ભૂટાન**ના **પસાખા** વચ્ચે આવેલો છે.
- આ નવા માર્ગના પ્રારંભથી ભારત અને ભૂટાન વચ્ચેના વ્યાપારી સંબંધો વધુ મજબૂત થશે.
- આ ઉપરાંત આ નવો માર્ગ ખૂલવાથી ભારત અને ભુટાન વચ્ચેના હાલના માર્ગ પર વાહનોનું ટ્રાફિક ઓછું થશે.

**નોંધ :** (1) ભારત અને ભૂટાન વચ્ચેના રાજદ્વારી સંબંધોનો પ્રારંભ **1968**માં ભૂટાનની રાજધાની **થિમ્ફૂ**માં ભારતના પ્રતિનિધિની નિમણૂકથી થયો હતો.
(2) **ભારત** ભૂટાનનો સૌથી મોટો વ્યાપારિક ભાગીદાર દેશ છે.

## ➤ ગૂગલના CEO શ્રી સુંદર પિચાઈની ભારતમાં રૂ. 75,000 કરોડનું રોકાણ કરવાની જાહેરાત

13 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** અને ગૂગલના CEO **શ્રી સુંદર પિચાઈ** વચ્ચે થયેલી વાતચીતમાં ગૂગલના CEO શ્રી સુંદર પિચાઈએ ભારતમાં **રૂ. 75,000 કરોડનું** રોકાણ કરવાની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત ગૂગલ દ્વારા ભારતમાં આગામી **પાંચથી સાત વર્ષ**માં **10 અબજ ડોલર** એટલે કે આશરે **રૂ. 75,000 કરોડનું** રોકાણ કરવામાં આવશે.

## ➤ દક્ષિણ આફ્રિકન દેશ બોત્સવાનામાં રહસ્યમય વાઈરસથી 400થી વધુ હાથીઓના મોત

**દક્ષિણ આફ્રિકા**માં આવેલા **બોત્સવાના** નામના એક દેશમાં છેલ્લા કેટલાક સમયમાં **400થી વધુ હાથીઓના મોત** થઈ ગયા છે.

- હાથીઓના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.
- પરંતુ વૈજ્ઞાનિકોના મતે કોઈ રહસ્યમય વાઈરસને કારણે આ હાથીઓના મૃત્યુ થયા હોવાની આશંકા છે.

**નોંધ :** સમગ્ર વિશ્વમાં હાથીઓની સૌથી વધુ સંખ્યા **બોત્સવાના**માં છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 31 ડિસેમ્બર સુધીમાં RO પ્યોરિફાયર પર પ્રતિબંધ મૂકવા કેન્દ્ર સરકારને NGTનો આદેશ

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)એ કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન વિભાગને ભારતમાં 31 ડિસેમ્બર, 2020 સુધીમાં RO પ્યોરિફાયરના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે.

- આ અંતર્ગત જે RO પ્યોરિફાયરમાં લિટરદીઠ પાણીમાં TDSની માત્રા 500 મિલિગ્રામથી ઓછી રહેતી હોય તેવા RO પર પ્રતિબંધ મૂકવામાં આવશે.
- RO પ્યોરિફાયરના ઉપયોગથી પાણીમાં રહેલા ખનીજતત્ત્વોનો નાશ થતો હોવાથી NGTએ આ નિર્ણય કર્યો છે.

નોંધ : TDSનું પૂરું નામ Total Dissolved Solids છે.

## ➤ ભારતના ચૂંટણી કમિશનર શ્રી અશોક લવાસાની એશિયન ડેવલપમેન્ટ બેન્કના ઉપાધ્યક્ષ પદે નિમણૂક



ભારતના વર્તમાન ચૂંટણી કમિશનર શ્રી અશોક લવાસાની Asian Development Bank (ADB)ના ઉપાધ્યક્ષ પદે નિમણૂક કરવામાં આવી છે.

- એશિયન ડેવલપમેન્ટ બેન્કના નવા ઉપાધ્યક્ષ તરીકે શ્રી અશોક લવાસા 31 ઓગસ્ટ 2020ના રોજ સેવા નિવૃત્ત થઈ રહેલા શ્રી દિવાકર ગુપ્તાનું સ્થાન લેશે.
- અને તેઓ ટૂંક સમયમાં ભારતના ચૂંટણી કમિશનર પદેથી રાજીનામું આપશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXA

### ભારતના વર્તમાન ચૂંટણી કમિશનર (16 જુલાઈ, 2020ની સ્થિતિએ)

(1) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર)

(2) શ્રી અશોક લવાસા (ચૂંટણી કમિશનર)

(3) શ્રી સુશિલ ચંદ્રા (ચૂંટણી કમિશનર)

નોંધ : (1) શ્રી અશોક લવાસા 1980ની બેચના હરિયાણા કેડરના રિટાયર્ડ IAS ઓફિસર છે.

(2) ADBમાં 1 અધ્યક્ષ (President) અને 6 ઉપાધ્યક્ષ (Vice President) હોય છે.

## ICE Questions

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 12 જુલાઈ (B) 16 જુલાઈ (C) 18 જુલાઈ (D) 20 જુલાઈ **(C)**

2. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે નવા 'જયગાંવ–પસાખા' વ્યાપાર માર્ગનો પ્રારંભ થયો છે ?
   (A) નેપાળ (B) ભૂટાન (C) મ્યાનમાર (D) બાંગ્લાદેશ **(B)**

3. ભારત અને ભૂટાન વચ્ચે કયા નવા વ્યાપાર માર્ગનો પ્રારંભ થયો છે ?
   (A) જયગાંવ–સમાખા (B) જયગાંવ–મસાખા
   (C) જયગાંવ–પસાખા (D) જયગાંવ–નસાખા **(C)**

4. ભારતના કયા રાજ્યના જયગાંવ અને ભૂટાનના પસાખા વચ્ચે નવા વ્યાપાર માર્ગનો પ્રારંભ થયો છે ?
   (A) સિક્કિમ (B) અરૂણાચલ પ્રદેશ
   (C) આસામ (D) પશ્ચિમ બંગાળ **(D)**

5. જુલાઈ 2020 દરમિયાન ગૂગલના CEO શ્રી સુંદર પિચાઈએ ભારતમાં કેટલા રૂપિયાનું રોકાણ કરવાની જાહેરાત કરી છે ?
   (A) 60,000 કરોડ (B) 70,000 કરોડ
   (C) 75,000 કરોડ (D) 80,000 કરોડ **(C)**

6. દક્ષિણ આફ્રિકાના કયા દેશમાં છેલ્લા કેટલાક સમયમાં 400થી વધુ હાથીઓના રહસ્યમય વાઈરસથી મોત થયા છે ?
   (A) નાઈજર (B) મોઝામ્બિક (C) ચાડ (D) બોત્સવાના **(D)**

7. સમગ્ર વિશ્વમાં હાથીઓની સૌથી વધુ સંખ્યા કયા દેશમાં આવેલી છે ?
   (A) બોલિવિયા (B) બેલારુસ (C) બોત્સવાના (D) બલ્ગેરિયા **(C)**

8. NGT અથવા તો નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે ભારતમાં કયાં સુધીમાં કેટલાક RO પ્યોરિફાયર પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે ?
   (A) 31 ઓક્ટોબર 2020 (B) 30 નવેમ્બર 2020
   (C) 31 ડિસેમ્બર 2020 (D) 31 માર્ચ 2021 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**9. NGT એ ભારતમાં કયા RO પ્યોરિફાયર પર પ્રતિબંધ મૂકવા કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન વિભાગને આદેશ આપ્યો છે ?**

(A) જેમાં લિટરદીઠ પાણીમાં TDSની માત્રા 500 મિલીગ્રામથી ઓછી રહેતી હોય.

(B) જેમાં લિટરદીઠ પાણીમાં TDSની માત્રા 500 મિલીગ્રામથી વધુ રહેતી હોય.

(C) જેમાં લિટરદીઠ પાણીમાં TDSની માત્રા 250 મિલીગ્રામથી વધુ રહેતી હોય.

(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

---

**10. એશિયન ડેવલપમેન્ટ બેન્કના નવા ઉપાધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**

(A) શ્રી સુનિલ અરોરા (B) શ્રી અરૂણ મલ્હોત્રા

(C) શ્રી સુશિલ ચંદ્રા (D) શ્રી અશોક લવાસા **(D)**

---

**11. ભારતના ચૂંટણી કમિશનર શ્રી અશોક લવાસાની કોના સ્થાને એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB)ના ઉપાધ્યક્ષ પદે નિમણૂક કરવામાં આવી છે ?**

(A) શ્રી દિવાકર ગુપ્તા (B) શ્રી અરવિંદ મુખર્જી

(C) શ્રી દિનકર વર્મા (D) શ્રી દેવનંદન પ્રસાદ **(A)**



# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતમાં વલસાડ જિલ્લાના ત્રણ તાલુકાઓના વનબંધુઓને જમીન ફાળવણીના અધિકાર પત્રોનું ઈ-વિતરણ

18 જુલાઈ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વલસાડ જિલ્લાના કપરાડા, ધરમપુર અને ઉમરગામ એમ કુલ ત્રણ તાલુકાઓના 1147 વનબંધુઓને 299 હેક્ટર વન જમીન ફાળવણીના મંજૂરી પત્રો તથા 8000 વનબંધુઓને અધિકારપત્રોનું ગાંધીનગર ખાતેથી ઈ-વિતરણ કર્યું છે. ગુજરાતમાં વલસાડ જિલ્લાના કપરાડા, ધરમપુર અને ઉમરગામમાં 'વન અધિકાર અધિનિયમ-2006' અંતર્ગત આ જમીનની ફાળવણી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ AICTE દ્વારા ભારતમાં MCAનો કોર્સ 3 વર્ષથી ઘટાડીને 2 વર્ષ કરવામાં આવ્યો

AICTE દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં શૈક્ષણિક વર્ષ 2020-21થી MCA (Master of Computer Application)નો કોર્સ 2 વર્ષનો રહેશે. આ અગાઉ તેનો અભ્યાસક્રમ 3 વર્ષનો હતો. AICTEનું પૂરું નામ All India Council for Technical Education છે.

### ➤ ભારતના છત્તીસગઢમાં રાજ્ય સ્તરની ભારતની પ્રથમ ઈ-લોક અદાલતનો પ્રારંભ

ભારતમાં છત્તીસગઢના બિલાસપુર જિલ્લામાં ઈ-લોક અદાલતનો પ્રારંભ કરવામાં આવ્યો છે. છત્તીસગઢના બિલાસપુર જિલ્લામાં શરૂ થયેલી આ ઈ–લોક અદાલત ભારતમાં શરૂ થયેલી રાજ્ય સ્તરની પ્રથમ ઈ-લોક અદાલત છે. આ અદાલતમાં ન્યાયિક પ્રક્રિયા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી થશે. જેમાં વિવિધ પક્ષકારો અને તેમના વકીલોએ અદાલતમાં આવવાની જરૂર રહેશે નહિ.

## ➤ ભારતીય રલેવે દ્વારા પ્રથમ વખત બાંગ્લાદેશમાં વિશેષ પાર્સલ ટ્રેન મોકલવામાં આવી

ભારતીય રેલવે દ્વારા **આંધ્રપ્રદેશ**ના **ગુંટૂર** જિલ્લાના **રેડ્ડીપલેમ** ખાતેથી **સુકૂં મરચું** ભરેલી એક વિશેષ ટ્રેન **બાંગ્લાદેશ** મોકલવામાં આવી હતી. ભારતની સીમા બહાર બાંગ્લાદેશમાં વિશેષ પાર્સલ ટ્રેન મોકલવામાં આવી હોય એવી આ **પ્રથમ** ઘટના હતી.

# વિશ્વ

## ➤ ભારત બ્રિટનમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ કરનાર બીજા નંબરનો સૌથી મોટો દેશ બન્યો

10 જુલાઈ 2020ના રોજ **બ્રિટન** સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા આંકડા અનુસાર **ભારત બ્રિટન**માં સૌથી વધુ **પ્રત્યક્ષ વિદેશી રોકાણ (Foreign Direct Investment-FDI)** કરનાર **બીજા નંબર**નો સૌથી મોટો દેશ બની ગયો છે. જ્યારે આ યાદીમાં **અમેરિકા પ્રથમ** ક્રમે છે. જ્યારે અમેરિકા બાદ **ભારત બીજા**, **જર્મની ત્રીજા**, **ફ્રાન્સ ચોથા** અને **ચીન પાંચમા** ક્રમે છે.




ICE Questions

- 18 જુલાઈ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા જિલ્લાના ત્રણ તાલુકાના કુલ 9147 જેટલા વનબંધુઓને જમીન ફાળવણીના મંજૂરી પત્રો તથા અધિકાર પત્રોનું ઈ–લોકાર્પણ કર્યું છે ? – વલસાડ
- 18 જુલાઈ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના વલસાડ જિલ્લાના કયા ત્રણ તાલુકાના કુલ 9147 જેટલા વનબંધુઓને જમીન ફાળવણીના મંજૂરી પત્રો તથા અધિકાર પત્રોનું ઈ–લોકાર્પણ કર્યું છે ? – કપરાડા, ધરમપુર અને ઉમરગામ
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના વલસાડ જિલ્લાના કપરાડા, ધરમપુર અને ઉમરગામ તાલુકાના કુલ 9147 જેટલા વનબંધુઓને કયા એક્ટ અંતર્ગત જમીન ફાળવણીના મંજૂરી પત્રો તથા અધિકાર પત્રોનું ઈ–લોકાર્પણ કર્યું છે ? – વન અધિકાર અધિનિયમ 2006
- ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન (AICTE) દ્વારા ભારતમાં MCAના અભ્યાસક્રમનો કાર્યકાળ ઘટાડીને કેટલો કરવામાં આવ્યો છે ? – 2 વર્ષ
- AICTE દ્વારા ભારતમાં કયા શૈક્ષણિક વર્ષથી MCAનો કાર્યકાળ 3 વર્ષથી ઘટાડીને 2 વર્ષ કરવામાં આવ્યો છે ? – 2020-21
- ભારતના કયા રાજ્યના બિલાસપુર જિલ્લામાં ભારતની રાજ્ય સ્તરની પ્રથમ ઈ–લોક અદાલતનો પ્રારંભ થયો છે ? – છત્તીસગઢ
- ભારતીય રેલવે દ્વારા કયા દેશમાં સુકૂં મરચું ભરીને પ્રથમ વખત વિશેષ પાર્સલ ટ્રેન મોકલવામાં આવી હતી ? – બાંગ્લાદેશ
- ભારતીય રેલવે દ્વારા ભારતના કયા રાજ્યમાંથી સુકૂં મરચું ભરીને બાંગ્લાદેશમાં પ્રથમ વખત વિશેષ પાર્સલ ટ્રેન મોકલવામાં આવી હતી ? – આંધ્રપ્રદેશ
- બ્રિટનમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ કરનાર બીજા નંબરનો સૌથી મોટો દેશ કયો છે ? – ભારત
- પ્રથમ ક્રમે અમેરિકા બાદ બ્રિટનનો બીજા ક્રમનો સૌથી મોટો FDI સ્ત્રોત કયો છે ? – ભારત
- ભારત બ્રિટનનો કયા ક્રમનો સૌથી મોટો FDI સ્ત્રોત છે ? – બીજા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ગુજરાતમાંથી ચૂંટાયેલા કયા સંસદ સભ્યશ્રીએ ગુજરાતના માણકોલ, મોડાસર, બિલેશ્વરપુરા, રામનગર અને રૂપાલ એમ કુલ 5 ગામોને 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' તરીકે વિકસાવવાનો નિર્ણય કર્યો છે ? – શ્રી અમિત શાહ

(આ તમામ ગામો ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહના ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આવેલા છે.)

2. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં કઈ જગ્યાએ 30,000 મેગાવોટનો સોલાર પાર્ક સ્થાપવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે ? – કચ્છ સરહદે

3. કોરોનાની રસીની તમામ ક્લિનિકલ ટ્રાયલ પૂર્ણ કરનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે ? – રશિયા

(તાજેતરમાં રશિયાના સંશોધકોએ એવો દાવો કર્યો હતો કે રશિયામાં કોરોનાની રસીના તમામ પાસાઓની તપાસ પૂરી થઈ ગઈ છે અને ટૂંક સમયમાં જ તેને બજારમાં મૂકવામાં આવશે.)

4. ઉત્તરપ્રદેશ સરકારે વિકાસ દુબે એન્કાઉન્ટર કેસની તપાસ કેટલા જજના જ્યુડિશિયલ કમિશનને સોંપી છે ? – એક

(એક નિવૃત્ત જજનું આ એક સભ્યનું ન્યાયિક પંચ બે મહિનામાં સરકારને રિપોર્ટ સોંપશે.)

5. તાજેતરમાં કયા દેશના વડાપ્રધાને ભગવાન શ્રી રામ પોતાના દેશના હોવાનો દાવો કર્યો હતો ? – નેપાળ

(તાજેતરમાં નેપાળના વડાપ્રધાન કે. પી. શર્મા ઓલીએ એવો દાવો કર્યો હતો કે ભારતમાં જે

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

અયોધ્યા છે તે નકલી છે પરંતુ અસલી અયોધ્યા નેપાળમાં છે. નેપાળે ભારતમાં આવેલા અયોધ્યાના રાજકુમારને સીતા આપી નહોતી, પરંતુ નેપાળના અયોધ્યાના રાજકુમારને સીતા આપી હતી.)

6. તાજેતરમાં શ્રી સચિન પાયલટની ભારતના કયા રાજ્યના નાયબ મુખ્યમંત્રી પદેથી હકાલપટ્ટી કરવામાં આવી છે ? – રાજસ્થાન

(રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોતની વિરુદ્ધમાં શ્રી સચિન પાયલટે બળવો કરતા શ્રી સચિન પાયલટને રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી પદેથી તેમજ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પદેથી હટાવી દેવામાં આવ્યા છે.)

7. અમેરિકા બાદ હવે કયા દેશે પણ ચીનની કંપની હુવાવેના 5G નેટવર્ક પર અથવા તેના ઉપકરણો પર પ્રતિબંધ મૂકી દીધો છે ? – બ્રિટન

(બ્રિટને હુવાવે પર ડેટા ચોરી અને ગુપ્ત માહિતી લીક કરવાનો આરોપ મૂકીને આ નિર્ણય કર્યો છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. ચાબહાર રેલવે યોજનામાંથી ઈરાને કયા દેશને બહાર કરવાનો નિર્ણય કર્યો છે ? – ભારત

(ચીનના રંગે રંગાયેલા ઈરાને ભારત દ્વારા ફંડિંગમાં વિલંબ કરાવાતો હોવાનો આરોપ મૂકીને આ નિર્ણય કર્યો છે. જોકે, હકીકતમાં ઈરાને ચીન સાથે તાજેતરમાં 400 અબજ ડોલરની મોટી ડીલ કરી હોવાથી તેણે ચીનની તરફેણમાં આ નિર્ણય કર્યો છે.)

9. જુલાઈ, 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની કઈ જિલ્લા પંચાયતના નવા ભવનનું ગાંધીનગર ખાતેથી ઈ–લોકાર્પણ કર્યું છે ?

– અમરેલી જિલ્લા પંચાયત

(અમરેલી જિલ્લા પંચાયત ઉપરાંત તેમણે ડોલવણ, થરાદ અને ભિલોડા તાલુકા પંચાયતોના નવા ભવનનું પણ ઈ–લોકાર્પણ કરાવ્યું હતું. જેમાં અમરેલી ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી શ્રી જીવરાજ મહેતાનું જન્મસ્થળ છે. જ્યારે ડોલવણ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીનું વતન છે.)

10. કેનેડાની ટોરંટો યુનિવર્સિટીના 'સેન્ટર ફોર ગ્લોબલ હેલ્થ રિસર્ચ' દ્વારા બ્રિટનના સહયોગથી "ભારતમાં છેલ્લા બે દાયકામાં સાપના ડંખથી થતા મૃત્યુ" અંગે એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે....આ રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ 2000થી 2019 દરમિયાન સાપના ડંખથી કુલ કેટલા વ્યકિતઓના મોત થયા છે ? – 12 લાખ

11. ભારતના કયા રાજ્યના મલકાનગિરિ જિલ્લાના સ્વાભિમાન અંચલ નામના વિસ્તારમાં ભારતની આઝાદી બાદ પ્રથમ વખત પ્રવાસી બસ સેવા શરૂ કરવામાં આવી છે ?

– ઓડિશા

(સ્વાભિમાન અંચલ એ માઓવાદીઓના ગઢ તરીકે પ્રસિદ્ધ ઓડિશાનો એવો વિસ્તાર છે કે જે ત્રણ તરફ પાણીથી અને ચોથી તરફ દુર્ગમ વિસ્તારથી ઘેરાયેલો છે.)

12. SEBI દ્વારા મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના નિયમન અને વિકાસને લગતી બાબતો અંગે સલાહ આપતી સમિતિનું પુનર્ગઠન કરીને કોની અધ્યક્ષતામાં 20 સભ્યોની નવી સમિતિની રચના કરવામાં આવી છે ? – સુશ્રી ઉષા થોરાટ (RBIના પૂર્વ ડેપ્યુટી ગવર્નર)

(SEBIનું પૂરું નામ Securities and Exchange Board of India છે.)

13. ભારતના કયા રાજ્યના મંત્રીમંડળ દ્વારા 'સ્ટાર્ટઅપ નીતિ 2020'ને મંજૂરી આપવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ

(સ્ટાર્ટઅપની દષ્ટિએ ભારતના ટોપ થ્રી દેશોની યાદીમાં ઉત્તરપ્રદેશને સામેલ કરવા માટે આ નીતિ લાવવામાં આવી છે. આ નીતિ અંતર્ગત ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં ભારતના સૌથી મોટા ઈનક્યૂબેટરની સ્થાપના કરવાની યોજના બનાવવામાં આવી છે.)

14. સ્થાનિક કળા, હસ્તકળા અને હેન્ડલૂમને પ્રોત્સાહન આપવા માટે ફ્લિપકાર્ટ અને ભારતના કયા રાજ્યની સરકાર વચ્ચે સમજૂતી થઈ છે ? – કર્ણાટક

15. જમ્મુ કાશ્મીરમાં LOC (લાઈન ઓફ કંટ્રોલ) નજીક BRO (બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન) દ્વારા નિર્માણ પામેલા 6 મુખ્ય પુલોને કોના દ્વારા વીડિયો કોન્ફરન્સની મદદથી રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા છે ? – શ્રી રાજનાથ સિંહ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

16. UK India Business Council (UKIBC)ના પ્રથમ ભારતીય CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી જયંત કૃષ્ણા

17. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા ASEEM (અસીમ) પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ? – સ્કિલ ડેવલપમેન્ટ અને એન્ટરપ્રિન્યોરશિપ મંત્રાલય

(ASEEMનું પૂરું નામ 'Aatmanirbhar Skilled Employee Employer Mapping' છે. આ પોર્ટલ પર ઉપલબ્ધ ડેટાનું એનાલિસિસ કરીને નીતિ નિર્માણમાં મદદ માટે આ પોર્ટલ તથા મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે.)

18. 15 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા કેટલામી 'ઈન્ડિયા–ઈયુ (યુરોપિયન યુનિયન) સમિટ'ને સંબોધન કર્યું હતું ? – 15મી

19. જુલાઈ 2020 દરમિયાન થયેલા એક બિટકોઈન કૌભાંડમાં હેકરોએ શ્રી બરાક ઓબામા, શ્રી બિલ ગેટ્સ તથા શ્રી જેફ બેજોસ સહિત વિશ્વના અનેક મહાનુભાવોના કયા અકાઉન્ટ હેક કર્યા હતા ? – ટ્વિટર

(ટ્વિટરના ઈતિહાસનું આ સૌથી મોટું હેકિંગ હતું)

20. 17 જુલાઈ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુરતમાં નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નિર્માણાધિન સ્ટેમસેલ હોસ્પિટલમાં તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે માત્ર 15 દિવસમાં જ ઉભી કરાયેલી કેટલા બેડની કોવિડ-19 ડેડિકેટેડ હોસ્પિટલનું ગાંધીનગર ખાતેથી ઈ–લોકાર્પણ કર્યું છે ? – 1000 બેડ

21. 13 જુલાઈ 2020ના રોજ કઈ કંપની 12 લાખ કરોડનું માર્કેટ કેપ પાર કરનારી ભારતની પ્રથમ કંપની બની ગઈ છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

(13 જુલાઈ, 2020ના રોજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરનો ભાવ વધીને 1938.80 રૂપિયા થઈ ગયો હતો. અને એ સાથે જ RILનું માર્કેટ કેપ વધીને રૂ. 12 લાખ કરોડને પાર થઈ ગયું હતું.)

22. ભારતના હમીરપુર જિલ્લાનું નાદોન પોલીસ સ્ટેશન ભારતના કયા રાજ્યનું સૌથી શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન જાહેર થયું છે ? – હિમાચલ પ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા અપાયેલા રેન્કિંગમાં નાદોન પોલીસ સ્ટેશનને હિમાચલ પ્રદેશનું સૌથી શ્રેષ્ઠ અને ભારતના શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનો પૈકીનું એક જાહેર કરવામાં આવ્યું છે.)

23. ભારતના કયા રાજ્યની સરકારે તાજેતરમાં ચીનના ઉપકરણો તથા સાધનોનો ઉપયોગ ન કરવાની જાહેરાત કરી છે ? – ઉત્તરાખંડ

(ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે આ જાહેરાત કરી હતી.)

24. ભારતમાં ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના'નો લાભ લેવાની સમયમર્યાદા 1 જુલાઈ 2020થી કેટલા મહિના માટે વધારવામાં આવી છે ?

– ત્રણ મહિના

(કોરોના લોકડાઉન દરમિયાન 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના' અંતર્ગત ભારતમાં 'ઉજ્જવલા યોજના'ના લાભાર્થીઓને 1 એપ્રિલથી 30 જૂન, 2020 સુધી ત્રણ મહિના માટે ફ્રી LPG સિલિન્ડર આપવામાં આવ્યા હતા. આ યોજના હવે વધુ ત્રણ મહિના સુધી એટલે કે સપ્ટેમ્બર 2020 સુધી લંબાવવામાં આવી છે.)

25. 8 જુલાઈ 2020ના રોજ મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'ની મુદત 1 જુલાઈથી કેટલા મહિના માટે વધારવાની મંજૂરી આપવામાં આવી છે ?

– 5 મહિના

(ભારતમાં કોરોના લોકડાઉન દરમિયાન ગરીબોને મફત અનાજ ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત અગાઉ એપ્રિલ, મે અને જૂન એમ ત્રણ મહિના માટે તેમને ફ્રી અનાજ આપવામાં આવ્યું હતું. આ યોજના હવે નવેમ્બર 2020 સુધી લંબાવવામાં આવી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT